રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) ના પત્ર ક્રમાંક નં P. M. USHA/GSU/2024 /3142 Dt: 15.03.2024 ના પત્રથી PM-USHA ની પ્રપોઝલના ભાગ રૂપે મોકલવાના થતા DPR (Detail Project Report) તૈયાર કરવા માટેની ચર્ચા વિચારણા કરવા એક મીટીંગ આજ રોજ તારીખ ૨૧-૦૩-૨૦૨૪, ગુરૂવાર ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે PVC મીટીંગ રૂમમાં (પ્રથમ માળે) બપોરે ૩-૦૦ કલાકે રાખવામાં આવેલ જેમાં નીચેની વિગતે કમિટીના સભ્યો હાજર રહેલ.

| ક્રમ | નામ | | સહી. |
|---|---|---|---|
| ૧. | ડૉ. પી. એન. ગજ્જર | પ્રોફેસર, સ્કુલ ઓફ સાયન્સ | |
| ૨. | ડૉ. વી. એ. રાણા | પ્રોફેસર & હેડ, સ્કુલ ઓફ સાયન્સ | |
| ૩. | ડૉ. વિક્રમ રાવલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, રોલવાલા કોમ્પુટર સેન્ટર | |
| ૪. | ડૉ. બી એસ. અગ્રવાલ | ડાયરેક્ટર, રોલવાલા કોમ્પુટર સેન્ટર | |
| ૫. | ડૉ. પરેશ પ્રજાપતી | ડેપ્યુટી રજીસ્ટ્રાર, પરીક્ષા વિભાગ, | |
| ૬. | ડૉ. કે.ડી. વોરા | ઓ.એસ.ડી. પરીક્ષા વિભાગ, | |
| ૭. | ડૉ. આદિત્ય વોરા | પ્રોફેસર, સ્કુલ ઓફ સાયન્સ | |
| ૮. | જય સોની | ડેપ્યુટી સિવિલ એન્જીનીયર, એસ્ટેટ વિભાગ | |
| ૯. | યશ નામદાર | સિવિલ એન્જીનીયર, એસ્ટેટ વિભાગ | |

૧. ગુજરાત યુનિવર્સિટી ખાતે NEP-2020 ના અમલીકરણ અને યુનિવર્સિટીના વિવિધ આયામો અને જરૂરીયાતને ધ્યાને રાખીને ઓક્ટોબર-૨૦૨૩ માં ત્રણ સભ્યોની કમિટીને PM-USHA અંતર્ગત "Strengthen Universities" અંગેની પ્રાથમિક પ્રોપોઝલ મોકલેલ જે તા. ૨૦-૦૨-૨૦૨૪ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી એ મંજુરી આપેલ.

૨. પ્રોપોઝલમાં જણાવ્યા મુજબ NEP-2020 ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ–૨૦૨૩ અમલ કરેલ, જે અન્વયે સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર (SSC) શરૂ કરવા PMC દ્વારા પ્રક્રિયા હાથ ધરવા, PMC અંગેની કાર્યવાહી એસ્ટેટ વિભાગ દ્વારા કરવાની ભલામણ કરેલ છે. SSC અંતર્ગત નીચેના વિભાગો જેમકે માર્કશીટ વેરીફિકેશન સેન્ટર, કોન્વોકેશન વિભાગ, ઓથેન્ટીકેશન સેન્ટર, પ્રોવિઝનલ ડિગ્રી સર્ટીફિકેટ વિભાગ, એલીજીબીલીટી વિભાગ, માયગ્રેશન વિભાગ, ઇન્ટર્નશીપ કમ્પલીશન વિભાગ, Externai વિભાગ જેવા વિદ્યાર્થીઓ સાથે સીધી રીતે સંકળાયેલ વિભાગો માટે વ્યવસ્થા ઉભી કરવા ભલામણ કરેલ છે. આ ઉપરાંત તેમાં કેશ કાઉન્ટર વિભાગ, બેંક ફેસિલીટી(ઓનલાઈન ફી કાઉન્ટર), ગર્લ્સ સ્ટુડન્ટ ફેસિલીટી, કોમન પબ્લિક

ટોયલેટ, ચા-કોફી માટેનો સ્ટોલ, ફોટો કોપીયર, જેવી સુવિધાઓ તેમાં ઉભી કરવા ભલામણ કરેલ છે. સ્ટુડન્ટ કાઉન્સેલિંગ રૂમ, કેરિયર ઓરીએન્ટેશન ગાઈડન્સ, ઇન્ફર્મેશન સેન્ટર (એલ્યુમિની ડેટા બેઝ તથા ઈન્ટરનેટ ફેસિલીટી સહિત), સ્ટુડન્ટ ગ્રીવન્સ, ૧૦૦ વિદ્યાર્થીઓની કેપેસીટી સાથેનો કોમન રીડીંગ રૂમ, પ્લેસમેન્ટ સેન્ટર જેવી સુવિધાઓ ઉભી કરવા ભલામણ કરેલ છે. ઉપરોક્ત સુવિધાઓ માટેનું રેકોર્ડ મેઈન્ટેન રેકોર્ડ રાખવા માટે  કરવા માટે સ્ટ્રોંગ રૂમ તેમજ કોમ્પેકટર બનાવવા ભલામણ કરેલ છે. સ્થળ (Location), લાયબ્રેરી અને ભાષા ભવન નજીક અથવા એસ.બી.આઈ. કોર્નર પર રાખવા ભલામણ કરેલ છે. , તેમજ તે અંગે પરીક્ષા નિયામકશ્રી સાથે પરામર્શ કરવા ભલામણ કરેલ છે. ઉપરાંત Value Added courses/ Indian Knowledge System/ AEC / SEC જેવા અભ્યાસ ક્રમોનો  વધારો કરેલ છે. જે અંતર્ગત સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર (SSC) માં ગુજરાત યુનિવર્સિટીનો  વરસો તેના સ્થાપના કાળથી તેમજ રાજ્ય અને ભારત Indian Knowledge System ની ઝાંખી કરાવતી પ્રદર્શન ગેલેરી ઉભી કરવા ભલામણ કરેલ છે.  આ સાથે ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના કાળથી અર્વાચીન કાળ સુધી ગુજરાત યુનિવર્સિટીનો વારસો તેમજ ઉપલબ્ધિઓ ને આવરી લેતી ગેલેરી ઉભી કરવા ભલામણ કરેલ છે. તેમાં ગુજરાત રાજ્યનો  તેમજ ભારતનો સાંસ્કૃતિક વારસાને આવરી લેવા ભલામણ છે.

૩. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીનોવેશન ફિઝીક્સ વિભાગના એમ.એસ.સી. વિદ્યાર્થીઓના ક્લાસરૂમની સમારકામ તથા લેબોરેટરી બનાવવી જેમાં ફેકલ્ટીરૂમ, મીટીંગરૂમ, લેબોરેટરી, વિભાગીય લાયબ્રેરી, લેડીઝ રૂમ, કોન્ફરન્સ (સેમીનાર) રૂમ,પબ્લિક ટોયલેટ, તેમજ ડિસેબલ ફ્રેન્ડલી વિભાગ જેવી સુવિધા આવરી લેવા ભલામણ કરેલ છે.

૪. રોલવાલા કોમ્પુટર સેન્ટર માટે સોફ્ટવેર કોમ્પોનન્ટ ખરીદવાની પ્રકિયા હાથ ધરવા ભલામણ કરેલ છે.  તથા ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ડીક સ્ટડીમાં સ્ટુડીઓ ઉભો કરવા ભલામણ કરેલ છે. તેમાં વર્ક શોપ માટે EMRC ને પ્લાન તૈયાર કરવા જણાવવા ભલામણ કરેલ છે. આગામી વર્ષમાં આ બાબતને પ્રાથમિકતા આપવા ભલામણ કરેલ છે.

૫. સ્કુલ ઓફ સાયન્સના વિવિધ ભવનની જરૂરિયાતને ધ્યાને લઇ ઈક્વિપમેન્ટ ખરીદી કરવા ભલામણ કરેલ છે. તેમજ તમામ વિભાગોના વિદ્યાર્થીઓને લાભ મળે તે હેતુથી એનાલીટીકલ ભવનમાં સ્થાપિત કરવા ભલામણ કરેલ છે. તે હેતુ માટે  એક સમિતીની રચના કરવાની ભલામણ કરેલ છે. જેની રચના વા. ચા. શ્રીના આદેસાનુસાર કરવાની ભલામણ કરેલ છે. તેમજ   ૬ થી ૧૦ બેઠક વ્યવસ્થા વાળા બે ઇલેક્ટ્રિક વ્હીકલની ખરીદીની પ્રકિયા  એસ્ટેટ દ્વારા કરવા નક્કી કરવાની તેમજ આગામી વર્ષમાં આ બાબતને પ્રાથમિકતા આપવા ભલામણ કરેલ છે.

૬. ગુજરાત યુનિવર્સીટીના તમામ ભવનમાં ઇન્ડીયન નોલેજ સેન્ટર (IKS) ના પ્રાયોગિક પ્રસાર માટે તમામ ભવનોના અધ્યક્ષશ્રી તેમજ વિભાગીય વડાઓના સહયોગથી વર્કશોપ, સેમીનાર

તથા કોન્ફરન્સનું આયોજન કરવું. જેથી તેનો મહત્તમ લાભ અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓને મળી રહે તેમજ આગામી વર્ષમાં આ બાબતને પ્રાથમિકતા આપવામાં આવે તેવી ભલામણ કરેલ છે.

૭. ઉપરોક્ત યોજના અંતર્ગત કરવાની થતી ખરીદી તથા અન્ય તમામ આનુષંગિક કાર્યવાહીમાં RUSA તેમજ ગુજરાત યુનિવર્સિટી નો લોગો વાપરવાની ભલામણ કરેલ છે.

| | | |
|---|---|---|
| ડો. પી. એન. ગજ્જર | ડો. વી. એ. રાણા | ડો. વિક્રમ રાવલ |
| ડો. આર. એસ. અગ્રવાલ | ડો. પરેશ પ્રજાપતી | ડો. કે.ડી. વોરા |
| ડો. આદિત્ય વોરા | જય સોની | યશ નામદાર |